શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર–૧૭, ગાંધીનગર
ફોન નં. ૦૭૯, ૨૩૨૩૫૦૬૯,૨૩૨૩૪૯૩૯
ફેક્સ: ૨૩૨૩૨૪૩૬, E-mail: gecell@gmail.com
ssamstatett@gmail.com
Tollfree No. : 1800 233 7965

ક્રમાંક : એસએસએ/ટી.ટી./૧૩/ ૯૦૨૩–૯૧૩૨ તા. ૦૭ .૦૩.૧૩

પ્રતિ,
નિયામકશ્રી
જીસીઈઆરટી
સેક્ટર–૧૨, ગાંધીનગર

વિષય : શિક્ષક સેવાકાલીન તાલીમ વર્ષ : ૨૦૧૩–૧૪ના આયોજન માટેની તા.૨૦.૨.૧૩ પરામર્શન બેઠકની કાર્યવાહી નોંધ મોકલવા અંગે.

**શ્રીમાન,**

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત દર વર્ષે સેવાકાલીન શિક્ષક તાલીમનું આયોજન જીસીઈઆરટી સાથે ચર્ચા–વિચારણાને અંતે કરવામાં આવે છે. મિટીંગમાં નક્કી થયેલ વ્યુહરચના પ્રમાણે તાલીમના દિવસો, પધ્ધતિ, સમયપત્રક, મોડયુલ નિર્માણ સામગ્રી, મોનીટરીંગ વ્યવસ્થા, તજજ્ઞોની પસંદગી અને તાલીમ વગેરે અંગે સર્વગ્રાહી સુચનાઓ/પરિપત્ર જિલ્લાઓને કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન એસએસએ અંતર્ગત રાજયના પ્રાથમિક શિક્ષકોને સેવાકાલીન તાલીમ આપવા સારુ સમગ્ર વ્યુહરચના અંગે ચર્ચા વિચારણા કરવા તા.૨૦.૨.૧૩ ના રોજ જીસીઈઆરટી ખાતે તાલીમ પરામર્શન બેઠક યોજાયેલ હતી.

સદર બેઠકમાં થયેલ ચર્ચા વિચારણાને અંતે નિયત થયેલ તાલીમ વ્યુહરચનાની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.જેના અનુસંધાને આપની સંસ્થાના સંબંધિતો ધ્વારા તાલીમ સંદર્ભે કરવાની થતી કામગીરી/કાર્યવાહી સત્વરે હાથ ધરી, સમયમર્યાદામાં પૂર્ણ કરે તે મુજબની સૂચના આપવા વિનંતી છે.

(અશોક શર્મા GAS)
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
એસપીઓ, એસએસએ
ગાંધીનગર

**નોંધ પર મળેલ માન એસપીડીની મંજૂરી અન્વયે**

**<u>નકલ સવિનય રવાના જાણ સારુ :</u>**

- માન. અગ્ર સચિવશ્રી,( પ્રાથમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર.

**નકલ જયભારતસહ રવાના જાણ તથા તાલીમ વેકેશનમાં યોજવાની હોઈ, વળતર રજા આપવા અંગેની કાર્યવાહી કરવા અર્થે :**

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧,જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.

**નકલ રવાના જાણ તથા ઘટિત કાર્યવાહી હાથ ધરવા સારુ :**

- જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સર્વ શિક્ષા અભિયાન, તમામ.
- શાસનાધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જિલ્લા : તમામ.

## શિક્ષક સેવાકાલીન તાલીમ વર્ષ : ૨૦૧૩–૧૪ના આયોજન માટેની પરામર્શન બેઠક તા.૨૦.૨.૧૩

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત દર વર્ષે સેવાકાલીન શિક્ષક તાલીમનું આયોજન જીસીઈઆરટી સાથે ચર્ચા–વિચારણાને અંતે કરવામાં આવે છે. મિટીંગમાં નકકી થયેલ વ્યુહરચના પ્રમાણે તાલીમના દિવસો, પધ્ધતિ, સમયપત્રક, મોડયુલ નિર્માણ સામગ્રી, મોનીટરીંગ વ્યવસ્થા, તજજ્ઞોની પસંદગી અને તાલીમ વગેરે અંગે સર્વગ્રાહી સુચનાઓ/પરિપત્ર જિલ્લાઓને કરવામાં આવે છે.

તા.૨૦.૨.૧૩ની બેઠકમાં માન.અધિક નિયામકશ્રી જીસીઈઆરટી, પ્રાચાર્યશ્રી ડાયટ ગાંધીનગર, રીડરશ્રી તાલીમ શાખા, કન્વીનર અભ્યાસક્રમ શાખા, રીસર્ચ એસોસીએટ, તાલીમ શાખા તથા એસએસએ તાલીમ શાખા અને કયુલસેલ શાખાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

સદર પરામર્શન બેઠકમાં વર્ષ : ૨૦૧૩–૧૪માટેની બ્લોક કક્ષાની તાલીમ અને કલસ્ટર કક્ષાની તાલીમના વિષયો માટે નીચે મુજબની ચર્ચા–વિચારણા કરી, તે આધારે નિર્ણય કરવામાં આવેલ છે.

મિટીંગની શરૂઆતમાં સેવાકાલીન શિક્ષક તાલીમ અંતર્ગત ન્યુ દિલ્લી ધ્વારા થયેલ સંશોધનના તારણોની ચર્ચા કરવામાં આવી. જેમાં તાલીમ માટે ડાયટ, જીસીઈઆરટી ભૂમિકા વધુ અસરકારક બનાવવી. તાલીમ મોડયુલ, તાલીમ સમય પત્રક તથા તાલીમના દિવસો ઘટાડવા અંગેની ચર્ચા થઈ.

**બ્લોક કક્ષાની તાલીમ માટે :**

- તાલીમમાં તજજ્ઞો ડાયટ લેકચરર, કેળવણી નિરીક્ષક, બીઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટર, SRG, DRG આ મુજબના ક્રમમાં સભ્યોને પસંદ કરવા.
- બ્લોક કક્ષાની તાલીમના પ્રત્યેક વિષય માટેની તાલીમ તાલુકા કક્ષાએ યોજવાનું નકકી કરેલ. જે માટે વિષયવાર તાલીમ સ્થળ નકકી કરવા.
- તાલીમમાં હયુમન રાઈટ અંગેનો વિષય સામેલ કરવો.
- તાલીમમાં વિવિધ સંશોધનના તારણો સામેલ કરવા. સ્કૂલ સેફટી, ડીઝાસ્ટર મેનેજમેન્ટના મુદ્દા તાલીમમાં સમાવવા.
- તાલીમ સ્પ્લીટ(SPLIT)મોડમાં કરવી.
- તાલીમમાં જળ સંચય, જેન્ડર એકટીવીટી, ચાઈલ્ડ રાઈટસ જેવા વિષયો સામેલ કરવા.
- તમામ ધો ૧ થી ૫ ના શિક્ષકોને પ્રજ્ઞા અભિગમની તાલીમ આપવી. (પ્રજ્ઞા શાળા સિવાયના)
- વિકલાંગ બાળકના વર્ગ શિક્ષક(અંદાજિત ૧૬૦૦)ની તાલીમ જિલ્લાકક્ષાએ આઈઈડીકો.ઓર્ડિનેટર ધ્વારા આયોજિત ખાસ તાલીમ તા.૫ થી ૯ જૂન દરમ્યાન યોજવી જેથી સદર શિક્ષકોની તાલીમ બેવડાય નહી.
- Head teacher કેડરમાં નિયુકત પામેલા મુખ્ય શિક્ષકોએ(૪૬૬૮) સદર તાલીમમાં સામેલ થવાનું નથી.
- Head teacher માટે ટીચર્સ એજયુકેશન પ્લાન અંતર્ગત જીસીઈઆરટી ધ્વારા અલાયદી તાલીમ આપવામાં આવશે.
- શિક્ષક વર્ગખંડના શિક્ષણ માટે કયા પ્રકારની, કેવી તૈયારી કરી શકે? તે માટે મોડયુલમાં મુદ્દો સામેલ કરવો.
- બ્લોક કક્ષાની કક્ષાની તાલીમ ૫ દિવસ (૩ + ૨ પ્રમાણે) સ્પ્લીટ(SPLIT)મોડમાં યોજવાનું સૂચન થયું.
- બ્લોક કક્ષાની તાલીમના વિષયો રાજયકક્ષાએથી નકકી કરવા. જેમાં કન્ટેન્ટ + ફ્રન્ટલાઈન કરીકયુલમના વિષય + મેનેજરીયલ વિષયોનો સમાવેશ કરવો.
  આ વિષયો આધારિત મોડયુલ નિર્માણ કરવા, તજજ્ઞોની પસંદગી, તાલીમનું આયોજન કરવું.
  બ્લોક કક્ષાની તાલીમના તજજ્ઞો નીચે મુજબના ક્રમમાં પસંદ કરવાનું સૂચન કરવામાં આવ્યુ.
  ડાયટ લેકચરર → કેળવણી નિરીક્ષક → બીઆરસી કો.ઓર્ડિનેટર → સીઆરસી કો.ઓર્ડિનેટર → SRG → DRG → HM
- તાલીમ તાલુકા કક્ષાએ એક જ સ્થળે , એક જ વિષય રાખવો પરંતુ વર્ગોની સંખ્યા વધારવી.

| | | |
|---|---|---|
| સીઆરસી કો.ઓર્ડિનેટર → SRG → DRG → HM મુજબના ક્રમમાં તજજ્ઞોની પસંદગી કરવી. | | |
| બ્લોક અને કલસ્ટરની તાલીમના તજજ્ઞોની તાલીમ જિલ્લા કક્ષાએ પૂર્ણ કરવી. | ૧ જુન પહેલા | DIET |
| શિક્ષક તાલીમ : બ્લોકકક્ષા(પ્રથમ તબકકો) ૩ દિવસ<br>ધો ૧ થી ૫ ના શિક્ષકો.<br>ધો ૬ થી ૮ ના શિક્ષકો. | તા.૫ થી તા.૭ જુન – ૨૦૧૩ | SSA |
| ધો ૧ થી ૪ ના પ્રજ્ઞા શિક્ષકો. | તા.૫ થી તા.૯ જુન – ૨૦૧૩ | SSA |
| વિકલાંગ બાળકોના વર્ગશિક્ષકો.(અંદાજિત ૧૬૦૦ શિક્ષકો) | તા.૫ થી તા.૯ જુન – ૨૦૧૩ | SSA |
| શિક્ષક તાલીમ : બ્લોકકક્ષા(બીજો તબકકો) ૨ દિવસ<br>ધો ૧ થી ૫ ના શિક્ષકો.<br>ધો ૬ થી ૮ ના શિક્ષકો. | તા.૧૪–૧૫ નવેમ્બર અથવા ૧૩ અને ૧૫ નવેમ્બર–૨૦૧૩ | SSA |
| શિક્ષક તાલીમ : કલસ્ટરકક્ષા –૫ દિવસ(એક દિવસીય તાલીમ)<br>ધો ૧ થી ૫ ના શિક્ષકો.<br>ધો ૬ થી ૮ ના શિક્ષકો.<br>ધો ૧ થી ૪ ના પ્રજ્ઞા શિક્ષકો. | તા. ૮.૬.૧૩<br>તા. ૩.૮.૧૩<br>તા. ૧૬.૧૧.૧૩<br>તા. ૪.૧.૨૦૧૪<br>તા. ૧.૩.૨૦૧૪ | SSA |
| તાલીમ માટે બેઝ પેપર, ફિલ્ડ વર્ક પેપર, પ્રોજેકટ તૈયાર કરવા | તાલીમ પૂર્વે | GCERT/ DIET |
| તાલીમ અંતર્ગત શિક્ષકોએ ભરેલ બેઝ પેપર, શિક્ષકોને પરત આપી ત્યાર પછીની તાલીમમાં સંસ્થાના હેડ ધ્વારા પ્રમાણિત કરાવીને મંગાવવું. | તાલીમના છેલ્લા દિવસે | સીઆરસી/ બીઆરસી કો.ઓ/ કેળવણી નિરીક્ષક |
| બંન્ને સત્રની તાલીમ આધારે શિક્ષકે, વર્ગશિક્ષણમાં કરેલ કામો આધારે જરૂરી વિષયોની તાલીમ વર્ષ : ૨૦૧૪–૧૫ માટે નકકી કરવી.<br>ફ્રન્ટ લાઈનના વિષયો હવેપછીના ૩ વર્ષ માટે સાતત્યપૂર્ણ રીતે રાખવી. | સમગ્ર તાલીમ પૂર્ણ થયેથી, તાલીમના અનુસંધાને આપેલ બેઝપેપર, ફિલ્ડવર્ક પેપર અને અભિપ્રાય આધારે. | DIET/ GCERT/ SSA |
| બ્લોક અને કલસ્ટર કક્ષાની તાલીમમાં સઘન મોનીટરીંગ માટે રાજયકક્ષાએથી આયોજન કરવું.<br>આ અંગેનો ખર્ચ તાલીમ / મેનેજમેન્ટ હેડે ઉધારવો.<br>તાલીમમાં મોનીટરીંગમાં ડાયેટ પ્રાચાર્યશ્રીને સામેલ કરવા. | તાલીમ શરૂ થતાં પહેલા | SSA |
| કલસ્ટર કક્ષાની તાલીમમાં દરેક શિક્ષક સ્વયં એસેસમેન્ટના ભાગરૂપે સ્વૈચ્છિક રીતે પેપર લખે અને સ્વયં મૂલ્યાંકનના ભાગરૂપે જાતે તપાસે તેવી વ્યવસ્થા ગોઠવવી.<br>આ પેપર શિક્ષકો લખે છે કે કેમ ? તેની માત્ર ભૌતિક ચકાસણી સીઆરસી કો.ઓર્ડિનેટરે કરવી. | તાલીમ દરમ્યાન | સીઆરસી કો.ઓ/ |

(જે.એલ.દાસા)
ઓફિસર ઈન્ચાર્જ ટીચર્સ ટ્રેનીંગ
સર્વ શિક્ષા અભિયાન
ગાંધીનગર

નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલ અનુમતિ અન્વયે.